<u>અસ્વીકરણ</u>: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

<u>DISCLAIMER</u>: The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==

ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે

ટેક્સ અપીલ નં. ૧૨૬૯/૨૦૧૪

મંજૂરી અને સહી માટેઃ

માનનીય ન્યાયમૂર્તી શ્રી એમ. આર. શાહ

અને

માનનીય ન્યાયમૂર્તી શ્રી બી. એન. કારીયા

==

૧	શું સ્થાનિક સમાચારપત્રોના રિપોર્ટરોને ચુકાદો જોવાની મંજૂરી આપી શકાય?	હા
૨	રિપોર્ટરને સોંપી શકાય કે નહીં?	હા
3	શું ન્યાયમૂર્તિઓ ચુકાદાની અંતિમ નકલ જોવા માગે છે?	ના
૪	શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈપણ આદેશ અંગે કાયદાના નોંધપાત્ર સવાલનો સમાવેશ થાય છે?	ના

==

સેન્ટ્રલ એક્સાઇઝ અને કસ્ટમ્સ કમિશનર... અપીલકર્તા(ઓ)

વિરુદ્ધ

કેય બી ટેક્ટ સ્પિન લી.... સામાવાળા(ઓ)

==

ઉપસ્થિતિ:
અપીલકર્તા(ઓ) નં.૧ તરફે વકીલ શ્રી સુધીર એમ. મેહતા
સામાવાળા(ઓ) નં.૧ તરફે વકીલ શ્રી હાર્દિક પી. મોઢ
===

કોરમ: માનનીય ન્યાયમૂર્તી શ્રી એમ.આર.શાહ
અને
માનનીય ન્યાયમૂર્તી શ્રી બી.એન.કારીયા

૧૯જાન્યુઆરી ૨૦૧૭

CAV જજમેન્ટ (માનનીય ન્યાયમૂર્તી શ્રી એમ. આર. શાહ દ્વારા)

કસ્ટમ્સ, એક્સાઇઝ અને સર્વિસ ટેક્સ અપીલેટ ટ્રિબ્યુનલ, વેસ્ટ ઝોનલ બેંચ, અમદાવાદ [જે હવે પછી, "ટ્રિબ્યુનલ" તરીકે ઉલ્લેખિત છે] દ્વારા પસાર કરવામાં આવેલ તારીખ ૧૧ મી ફેબ્રુઆરી ૨૦૧૪ ના વાદગ્રસ્ત ચુકાદા અને હુકમથી વ્યથિત અને અસંતુષ્ટ થઈને, રેવેન્યુ દ્વારા નીચેના સબસ્ટાન્શિયલ કાયદાકીય પ્રશ્ન પર વિચાર કરવા માટે હાલની અપીલ દાખલ કરેલ છે :

> **"શું કેસની હકીકતો અને સંજોગોમાં, ટ્રિબ્યુનલે એવું ઠરાવવામાં કાયદાની સબસ્ટાન્શિયલ ભૂલ કરી છે કે જ્યારે ૧૦૦% ઈઓયુ એવા સામાવાળા સામે આયાત ડાયવર્ટ કરવાનો આરોપ હોય અને માલ જપ્તી માટે ઉપલબ્ધ ન હોય, ત્યારે આવા માલની જપ્તી અને ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૧૨૫ હેઠળ રિડેમ્પ્શનનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી ?"**

૨. ટૂંકમાં હાલની અપીલ તરફ દોરી જતી હકીકતો નીચે મુજબ છે:-

૨.૧ એ કે, હાલના સામાવાળા મેસર્સ કાચ બી ટેક્સ–સ્પિન લિમિટેડ, સુરત ૧૦૦% ઈઓયુ તરીકે આખરી ઉત્પાદનો એટલે કે ટેક્ષ્ચર્ડ યાર્ન, ટ્વિસ્ટેડ યાર્ન, નીટેડ ફેબ્રિક્સ, સાઈઝ્ડ યાર્ન વગેરેના ઉત્પાદનમાં રોકાયેલા હતા. સદર યુનિટને ડેવલપમેન્ટ કમિશનર, કેએફટીઝેડ, ગાંધીધામ [કચ્છ] દ્વારા તારીખ ૧૫ મી જૂન ૨૦૦૯ ના રોજ પત્ર દ્વારા ૧૦૦% ઈઓયુ તરીકે એલઓપી મંજૂર કરવામાં આવી હતી, અને તે મુજબ, સદર યુનિટને ડેપ્યુટી કમિશનર, સેન્ટ્રલ એક્સાઈઝ અને કસ્ટમ્સ, ડિવિઝન V, સુરત દ્વારા ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૫૮ હેઠળ ૧૦૦% એક્સપોર્ટ ઓરિએન્ટેડ સ્કીમ હેઠળ પ્રાઈવેટ બોન્ડેડ વેરહાઉસ માટે લાઈસન્સ આપવામાં આવ્યું હતું. એવું જાણવા મળ્યું હતું કે સામાવાળા–યુનિટે ગેરકાયદેસર રીતે ખુલ્લા બજારમાં માલ ડાયવર્ટ કર્યો હતો અને કસ્ટમ્સ ડ્યુટી જતી કરીને મેળવેલ કાચો માલ જે હેતુ માટે આયાત કરવામાં આવ્યો હતો તે હેતુ માટે વાપરવામાં આવ્યો ન હતો. તેથી, કમિશનર, સેન્ટ્રલ એક્સાઈઝ અને કસ્ટમ્સ, સુરત–II એ સામાવાળાને શ Cause નોટિસ પાઠવીને, કાચા માલ પર સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યુટી, કસ્ટમ્સ ડ્યુટી વગેરેની, તેના પરના વ્યાજની અને ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ અને ધ સેન્ટ્રલ એક્સાઈઝ એક્ટ, ૧૯૪૪ ની વિવિધ કલમો હેઠળ દંડની માંગણી કરી હતી.

૨.૨ આ તબક્કે, એ નોંધવું જરૂરી છે કે શો કોઝ નોટિસ/ચુકાદા વખતે, માલ ઉપલબ્ધ ન હતો જે બોન્ડ અને જરૂરી બાંહેધરી આપવા પર યુનિટ દ્વારા

અગાઉથી મેળવી લેવામાં આવ્યો હતો. એડજ્યુડિકેટિંગ ઓથોરિટીએ કાચા માલ પર સેન્ટ્રલ એક્સાઇઝ ડ્યુટી અને કસ્ટમ્સ ડ્યુટી વગેરેની માંગ, તેના પરના વ્યાજની પુષ્ટિ કરી અને ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ અને ધ સેન્ટ્રલ એક્સાઇઝ એક્ટ, ૧૯૪૪ ની વિવિધ કલમો હેઠળ દંડ લાદ્યો. એડજ્યુડિકેટિંગ ઓથોરિટી દ્વારા સદર લેણાં એવા આધારે નક્કી કરવામાં આવ્યા હતા કે સામાવાળા ૧૦૦% ઈઓયુ હોવાથી, તેણે ગેરકાયદેસર રીતે ખુલ્લા બજારમાં માલ ડાયવર્ટ કર્યો હતો અને કસ્ટમ્સ ડ્યુટી જતી કરીને મેળવેલ કાચો માલ જે હેતુ માટે આયાત કરવામાં આવ્યો હતો તે હેતુ માટે વાપરવામાં આવ્યો ન હતો. સામાવાળાએ એડજ્યુડિકેટિંગ ઓથોરિટી દ્વારા પસાર કરવામાં આવેલ હુકમનો સ્વીકાર કર્યો. જોકે, કરદાતા દ્વારા બોન્ડ આપવા છતાં, એડજ્યુડિકેટિંગ ઓથોરિટીએ કાચા માલની જપ્તી માટે અને/અથવા જપ્તીના બદલામાં રિડેમ્પ્શન ફાઇન ા દવા માટે કોઈ હુકમ પસાર ન કર્યો હોવાના કારણે માત્ર હાલના અપીલકર્તા–રેવેન્યુએ વિદ્વાન ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ દાખલ કરી હતી. એ કે, ટ્રિબ્યુનલે વાદગ્રસ્ત ચુકાદા અને હુકમ દ્વારા સદર અપીલ ફગાવી દીધી અને આઈઓઆઈ અને એડજ્યુડિકેટિંગ ઓથોરિટી દ્વારા માલ જપ્ત ન કરવા અને/અથવા જપ્તી માટે માલ ન હોવાના આધારે જપ્તીના બદલામાં રિડેમ્પ્શન ફાઇન ન લાદવાના હુકમને બહાલ રાખ્યો, અને તેથી, જપ્તીનો પ્રશ્ન ઉપસ્થિત થઈ શકતો નથી. વિદ્વાન ટ્રિબ્યુનલે અવલોકન કર્યું અને ઠરાવ્યું કે એકવાર માલ જપ્તી માટે ઉપલબ્ધ ન હોય, તો જપ્તીના બદલામાં રિડેમ્પ્શન ફાઇન લાદવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી.

માલ જપ્તી માટે ઉપલબ્ધ ન હોવાથી, એડજ્યુડિકેટિંગ ઓથોરિટીએ માલ જપ્ત ન કરવામાં અને/અથવા રિડેમ્પ્શન ફાઇન ન લાદવામાં યોગ્ય કામ કર્યું હતું તેવું ઠરાવતા વિદ્વાન ટ્રિબ્યુનલ દ્વારા પસાર કરાયેલ તારીખ ૧૧ મી ફેબ્રુઆરી ૨૦૧૪ ના વાદગ્રસ્ત ચુકાદા અને હુકમથી વ્યથિત અને અસંતુષ્ટ થઈને, રેવેન્યુએ નીચેના સબસ્ટાન્શિયલ કાયદાકીય પ્રશ્ન પર વિચાર કરવા માટે હાલની ટેક્સ અપીલ દાખલ કરેલ છે :

> **"શું કેસની હકીકતો અને સંજોગોમાં, ટ્રિબ્યુનલે એવું ઠરાવવામાં કાયદાની સબસ્ટાન્શિયલ ભૂલ કરી છે કે જ્યારે ૧૦૦% ઈઓયુ એવા સામાવાળા સામે આયાત ડાયવર્ટ કરવાનો આરોપ હોય અને માલ જપ્તી માટે ઉપલબ્ધ ન હોય, ત્યારે આવા માલની જપ્તી અને ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૧૨૫ હેઠળ રિડેમ્પ્શનનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી ?"**

૩. અપીલકર્તા–રેવેન્યુ તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન એડવોકેટ શ્રી સુધીર મહેતાએ ભારપૂર્વક રજૂઆત કરી હતી કે કેસની હકીકતો અને સંજોગોમાં, વિદ્વાન ટ્રિબ્યુનલે એવું ઠરાવવામાં ભૌતિક ભૂલ કરી છે કે એડજ્યુડિકેશન માટે શો કોઝ નોટિસ જારી કરવાના સમયે માલ જપ્તી માટે ઉપલબ્ધ ન હોવાથી, ધ કસ્ટમ્સ એક્ટની કલમ ૧૨૫ હેઠળ જપ્તીના બદલામાં રિડેમ્પ્શન ફાઇન લાદી શકાય નહીં.

૩.૧ ડિપાર્ટમેન્ટ તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન એડવોકેટ શ્રી મહેતા દ્વારા વધુમાં રજૂઆત કરવામાં આવી છે કે વિદ્વાન ટ્રિબ્યુનલે એ હકીકતની યોગ્ય રીતે

સરાહના ન કરવામાં ભૌતિક ભૂલ કરી છે કે માલ મુક્ત કરવામાં આવ્યો હતો અને જરૂરી બોન્ડ/બાંહેધરી રજૂ કરવા પર આયાતકારને માલનો કબજો સોંપવામાં/આપવામાં આવ્યો હતો. રજૂઆત કરવામાં આવી છે કે તે કિસ્સામાં, બોન્ડ અને જરૂરી બાંહેધરી જારી કરવા પર માલ મુક્ત કરવામાં આવ્યો હતો અને/અથવા જેનો કબજો હાલના સામાવાળા–આયાતકારને આપવામાં આવ્યો હતો, તેથી વેસ્ટન કમ્પોનન્ટ્સ લિમિટેડ વિ. કમિશનર ઓફ કસ્ટમ્સ, ન્યૂ દિલ્હી, ૨૦૦૦ [૧૧૫] ઈએલટી ૨૭૮ (એસસી) ના કેસમાં માનનીય સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવ્યા મુજબ, રિડેમ્પ્શન ફાઇન લાદવાપાત્ર છે.

૩.૨ ડિપાર્ટમેન્ટ તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન એડવોકેટ શ્રી મહેતાએ તેમની રજૂઆતોના સમર્થનમાં કમિશનર ઓફ કસ્ટમ્સ, બેંગલોર વિ. શિલ્પા ટ્રેડિંગ કંપની, ૨૦૧૪ (૩૦૯) ઈએલટી ૬૪૧ [કર્ણાટક] ના કેસમાં કર્ણાટક હાઈકોર્ટના નિર્ણય પર પણ આધાર રાખ્યો છે.

૩.૩ રેવેન્યુ તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન એડવોકેટ શ્રી સુધીર મહેતા દ્વારા વધુમાં રજૂઆત કરવામાં આવી છે કે હાલના કેસમાં, સ્વીકાર્યપણે, સામાવાળા–યુનિટે સીબીઈસીના એક્સાઇઝ મેન્યુઅલના પ્રકરણ–X માં નિર્ધારિત કર્યા મુજબ; ડીમ્ડ એક્સપોર્ટ ના આધારે સીટી–૩ સામે "આંતર યુનિટ ટ્રાન્સફર" તરીકે અન્ય ૧૦૦% ઈઓયુ ને તેમના આખરી ઉત્પાદનની નિકાસ કરી હતી અને

કોઈ માલ વેરહાઉસ કરવામાં આવ્યો ન હતો, અને તેથી, યુનિટે સદર નિકાસની તારીખથી ૯૦ દિવસ પૂરા થયા પછી કસ્ટમ્સ ડ્યુટીના એકંદર જેટલી સેન્ટ્રલ એક્સાઇઝ ડ્યુટી ચૂકવવાની જરૂર હતી. જોકે, સામાવાળા–યુનિટે ચુકવણી કરી ન હતી અને તેથી, વસૂલપાત્ર ડ્યુટી ની પુષ્ટિ કરવામાં આવી હતી, જેનો સામાવાળા–યુનિટ દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો હતો. રજૂઆત કરવામાં આવી છે કે તેથી, સામાવાળા ૧૦૦% ઈઓયુ હોવાથી, ગેરકાયદેસર રીતે ખુલ્લા બજારમાં માલ ડાયવર્ટ કર્યો હોવાના અને કસ્ટમ્સ ડ્યુટી જતી કરીને મેળવેલ કાચો માલ જે હેતુ માટે આયાત કરવામાં આવ્યો હતો તે હેતુ માટે વાપરવામાં આવ્યો ન હોવાના આધારે એડજ્યુડિકેટિંગ ઓથોરિટી દ્વારા લેણાં નક્કી કરવામાં આવ્યા હોવાથી, માલ ધ કસ્ટમ્સ એક્ટની કલમ ૧૨૫ હેઠળ જપ્ત કરવાને પાત્ર હતો. જોકે, માલ જપ્તી માટે ઉપલબ્ધ ન હોવાથી અને સદર માલ બોન્ડ દ્વારા મુક્ત કરવામાં આવ્યો હોવાથી, જપ્તીના બદલામાં રિડેમ્પ્શન ફાઇન લાદવાની જરૂર હતી. રજૂઆત કરવામાં આવી છે કે તેથી, વિદ્વાન ટ્રિબ્યુનલે એવું ઠરાવવામાં ભૌતિક ભૂલ કરી છે કે માલ જપ્તી માટે ઉપલબ્ધ ન હોવાથી, જપ્તીનો પ્રશ્ન ઉપસ્થિત થઈ શકતો નથી અને પરિણામે, રિડેમ્પ્શન ફાઇન લાદી શકાય નહીં.

૩.૪ ઉપરોક્ત દર્શાવેલ નિર્ણયો અને કરેલી રજૂઆતો પર આધાર રાખીને, હાલની અપીલ મંજૂર કરવા અને પ્રશ્નનો જવાબ રેવેન્યુની તરફેણમાં અને સામાવાળા–યુનિટની વિરુદ્ધમાં આપવા માટે અરજ કરવામાં આવી હતી.

૪. સામાવાળા–યુનિટ તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન એડવોકેટ શ્રી હાર્દિક પી. મોઢે રજૂઆત કરી હતી કે કેસની હકીકતો અને સંજોગોમાં, ખાસ કરીને જ્યારે એડજ્યુડિકેશન પ્રોસીડિંગ્સ/શો કોઝ નોટિસ વખતે પણ, માલ જપ્તી માટે ઉપલબ્ધ ન હતો, અને તેથી, વિદ્વાન ટ્રિબ્યુનલે યોગ્ય રીતે ઠરાવ્યું છે કે ધ કસ્ટમ્સ એક્ટની કલમ ૧૨૫ હેઠળ રિડેમ્પ્શન ફાઇન લાદવાપાત્ર નથી.

૪.૧ સામાવાળાના વિદ્વાન એડવોકેટ શ્રી મોઢે ભારપૂર્વક રજૂઆત કરી હતી કે ધ કસ્ટમ્સ એક્ટની કલમ ૧૧૦ મુજબ, જો સક્ષમ અધિકારી પાસે એવું માનવાને કારણ હોય કે કોઈ માલ ધ એક્ટ હેઠળ જપ્ત કરવાને પાત્ર છે, તો તેઓ આવા માલની જપ્તી (સીઝર) કરી શકે છે. રજૂઆત કરવામાં આવી છે કે ધ કસ્ટમ્સ એક્ટની કલમ ૧૧૦ એડજ્યુડિકેશન પેન્ડિંગ હોય ત્યારે જપ્ત કરાયેલ માલ, દસ્તાવેજો અથવા વસ્તુઓ સામયિક મુક્તિ પૂરી પાડે છે. રજૂઆત કરવામાં આવી છે કે તેથી, માલ જપ્ત કરવામાં આવે તે પહેલાં, સીઝર એ પૂર્વશરત છે અને ધ કસ્ટમ્સ એક્ટની કલમ ૧૨૫ એવા કિસ્સામાં લાગુ થશે જ્યાં માલ જપ્ત કરવામાં આવ્યો હોય, પરંતુ એડજ્યુડિકેશન વખતે ઉપલબ્ધ ન હોય, અને તે કિસ્સામાં, માત્ર રિડેમ્પ્શન ફાઇન લાદી શકાય છે. રજૂઆત કરવામાં આવી છે કે તેથી

હાલના કેસમાં, માલ સીઝ કરવામાં આવ્યો ન હોવાથી અને પરિણામે જપ્ત કરવામાં આવ્યો ન હોવાથી, ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૧૨૫ હેઠળ રિડેમ્પ્શન ફાઈન લાદવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી.

૪.૨ સામાવાળા–યુનિટ તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન એડવોકેટ શ્રી મોઢે કમિશનર ઓફ કસ્ટમ્સ [ઈમ્પોર્ટ], મુંબઈ વિ. ફિનેસ ક્રિએશન ઈન્ક., ૨૦૦૯ [૨૪૮] ઈએલટી ૧૨૨ (બોમ્બે) ના કેસમાં તેમજ કમિશનર ઓફ કસ્ટમ્સ, એક્સપોર્ટ વિ. નેશનલ લેધર ક્લોથ મેન્યુફેક્ચરિંગ કંપની, ૨૦૧૫ (૩૨૧) ઈએલટી ૧૩૫ [બોમ્બે] ના કેસમાં બોમ્બે હાઈકોર્ટના નિર્ણય પર ભારે આધાર રાખ્યો છે.

૪.૩ સામાવાળાના વિદ્વાન એડવોકેટ શ્રી હાર્દિક મોઢ દ્વારા વધુમાં રજૂઆત કરવામાં આવી છે કે અન્યથા પણ, હાલના કેસમાં, યુનિટ દ્વારા ફોર્મ B–17 માં જનરલ બોન્ડ રજૂ કરવા પર માલ મુક્ત કરવામાં આવ્યો હતો અને તેને ધ કસ્ટમ્સ એક્ટની કલમ ૧૨૫ હેઠળ ઉલ્લેખિત બોન્ડ કહી શકાય નહીં. રજૂઆત કરવામાં આવી છે કે ત્યાં વિવિધ ફોર્મ્સ છે અને કસ્ટમ્સ લો મેન્યુઅલ હેઠળ, કસ્ટમ્સ મેન્યુઅલ મુજબ બોન્ડ રજૂ કરવા પર માલ મુક્ત કરવામાં ન આવે ત્યાં સુધી, ધ એક્ટની કલમ ૧૨૫ લાગુ થશે નહીં.

૪.૪ ઉપરોક્ત રજૂઆતો કરીને અને ઉપરોક્ત નિર્ણયો પર આધાર રાખીને, હાલની ટેક્સ અપીલ ફગાવી દેવા માટે અરજ કરવામાં આવી હતી.

૫. બંને પક્ષોના વિદ્ધાન એડવોકેટોને વિગતવાર સાંભળ્યા. શરૂઆતમાં જ, એ નોંધવું જરૂરી છે અને એ વિવાદમાં નથી કે એડજ્યુડિકેટિંગ ઓથોરિટીએ કાચા માલ પર સેન્ટ્રલ એક્સાઇઝ અને કસ્ટમ્સ ડ્યુટી વગેરેની માંગ, તેના પરના વ્યાજની પુષ્ટિ કરી છે અને ધ એક્ટની વિવિધ કલમો હેઠળ દંડ લાદ્યો છે, જેને સામાવાળા–યુનિટ દ્ધારા પડકારવામાં આવ્યો નથી. એ એક સ્વીકૃત સ્થિતિ છે કે સામાવાળા ૧૦૦% ઈઓયુ હોવાથી, ગેરકાયદેસર રીતે ખુલ્લા બજારમાં માલ ડાયવર્ટ કર્યો હતો અને કસ્ટમ્સ ડ્યુટી જતી કરીને મેળવેલ કાચો માલ જે હેતુ માટે આયાત કરવામાં આવ્યો હતો તે હેતુ માટે વાપરવામાં આવ્યો ન હતો. રેકોર્ડ પરની સામગ્રી પરથી જણાય છે કે જ્યારે સામાવાળા–યુનિટે માલની આયાત કરી અને ડ્યુટીની ચુકવણી વિના પ્રાઇવેટ બોન્ડેડ વેરહાઉસમાં માલ રાખવાની મંજૂરી આપવામાં આવી, ત્યારે સામાવાળા–યુનિટે ફોર્મ B–17 માં બોન્ડ રજૂ કર્યું હતું. સદર ફોર્મમાં, સામાવાળા–યુનિટ લિખિત બોન્ડમાં દર્શાવેલી શરતોનું પાલન કરવા માટે પણ સંમત થયું હતું. સંબંધિત શરતો નીચે મુજબ પુનઃઉત્પાદિત કરવામાં આવે છે :–

> "૧૦. અમે, ઓબ્લિગર, નિકાસ જવાબદારીઓ અને કસ્ટમ્સ/સેન્ટ્રલ એક્સાઇઝ નોટિફિકેશન્સમાં નિર્ધારિત શરતોનું પાલન કરીશું, જેમ કે સુધારા સાથે, જે હેઠળ નિર્દિષ્ટ માલ આયાત/મેળવવામાં આવ્યો છે, તેમજ સમયાંતરે સુધારા મુજબ

એપ્રિલ, ૧૯૯૭ થી ૨૦૦૨ માટેની ઈમ્પોર્ટ–એક્સપોર્ટ પોલિસીનું પાલન કરીશું અને આસિસ્ટન્ટ/ડેપ્યુટી કમિશનર ઓફ કસ્ટમ્સ/સેન્ટ્રલ એક્સાઇઝની સંતોષ મુજબ નિકાસ માટેના સામાનના ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાયેલ હોવાનું સાબિત ન થાય તેવા માલ પર વસૂલપાત્ર કસ્ટમ્સ અને સેન્ટ્રલ એક્સાઇઝ ડ્યુટીઝ જેટલી રકમ અને ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ અથવા ધ સેન્ટ્રલ એક્સાઇઝ એક્ટ, ૧૯૪૪ અને તે હેઠળ બનાવેલા નિયમો કે નિયમનો હેઠળ લાદવામાં આવેલ કોઈપણ દંડ, જે કિસ્સો હોય તે મુજબ, માગણી પર ચૂકવીશું.

૧૧. અમે, ઓબ્લિગર્સ, ડોમેસ્ટિક ટેરિફ એરિયામાંથી ડ્યુટીની ચુકવણી વિના અમારા દ્વારા મેળવેલ અને ખાસ ઔદ્યોગિક હેતુ માટે ઉપયોગ કરવા માટે મેળવેલા સ્થાન પરથી અમારા પરિસરમાં પરિવહન કરાયેલ માલ પર માગણી કરી શકાય તેવા સેન્ટ્રલ એક્સાઇઝ ડ્યુટી અથવા કાયદેસરના ચાર્જિસ ચૂકવીશું અને પ્રોપર ઓફિસર/આસિસ્ટન્ટ કમિશનર ઓફ સેન્ટ્રલ એક્સાઇઝ અથવા આવી અન્ય સોંપાયેલ સત્તામંડળ દ્વારા આખરી એસેસમેન્ટ પછી પણ ચૂકવીશું, જે કિસ્સો હોય તે મુજબ, ધ સેન્ટ્રલ એક્સાઇઝ રૂલ્સ, ૧૯૪૪ ના નિયમ ૯બી હેઠળ પ્રોવિઝનલ ધોરણે આંકવામાં આવ્યા હતા તે તમામ લેણાં આવા અફસરો દ્વારા લેખિતમાં માંગણી કર્યાની તારીખથી ૧૦ દિવસની અંદર ચૂકવીશું.

૧૨. અમે, ઓબ્લિગર, જો આ રીતે ઉત્પાદિત વસ્તુઓ ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા આ સંબંધમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી ગુણવત્તામાં અને અન્ય મર્યાદાઓ અને શરતોને આધીન ભારતમાં વેચવાની મંજૂરી આપવામાં આવે છે અને મંજૂરી આપવામાં આવે, તો ધ સેન્ટ્રલ એક્સાઇઝ એક્ટ, ૧૯૪૪ ની કલમ ૩ હેઠળ આવી વસ્તુઓ પર વસૂલપાત્ર એક્સાઇઝ ડ્યુટી અને એક્ઝિમ પોલિસીની જોગવાઈ અનુસાર ભારતમાં વેચવાની મંજૂરી ન હોય તેવી વસ્તુઓના ઉત્પાદનમાં વપરાતા કાચા માલ/ઘટક ભાગો પર વસૂલપાત્ર કસ્ટમ્સ અને સેન્ટ્રલ એક્સાઇઝ ડ્યુટી ચૂકવીશું.

૧૩. અમે, ઓબ્લિગર્સ, સદર ઈમ્પોર્ટ અને એક્સપોર્ટ પોલિસીમાં સમયાંતરે સુધારા મુજબ નિર્ધારિત શરતો અને મર્યાદાઓનું પાલન કરીશું અથવા આસિસ્ટન્ટ/ડેપ્યુટી કમિશનર ઓફ કસ્ટમ્સ/સેન્ટ્રલ એક્સાઇઝની મંજૂરીથી ભારતમાં આયાત કરાયેલ

અથવા અગાઉના હેતુ માટે સ્થાનિક રીતે મેળવેલ માલ અથવા તેમાંથી ઉત્પાદિત અથવા પેક કરેલી વસ્તુઓને ડ્યુટીની ચુકવણી વિના ટેસ્ટિંગ, રિપેરિંગ, રિશરત, પ્રોસેસિંગ અથવા ડિસ્પ્લે વગેરે માટે ઉપક્રમની બહાર કામચલાઉ ધોરણે લઈ જવાની મંજૂરી આપીશું."

૫.૧ સદર ફોર્મમાં, સામાવાળા–યુનિટે એવું પણ જાહેર કર્યું હતું કે કોઈપણ અન્ય વ્યક્તિને માલ ટ્રાન્સફર કરવા અથવા એક વેરહાઉસમાંથી બીજા વેરહાઉસમાં માલ ખસેડવા છતાં, સદર લિખિત બોન્ડ અમલમાં રહેશે. સદર બોન્ડને બાંહેધરીનું સમર્થન પણ હતું. આવા બોન્ડ અને બોન્ડમાં દર્શાવેલ શરતોના અમલીકરણ પર, સામાવાળા–યુનિટને કોઈપણ ડ્યુટીની ચુકવણી વિના માલ વેરહાઉસમાં રાખવાની મંજૂરી આપવામાં આવી હતી.

૫.૨ એ એક સ્વીકૃત સ્થિતિ છે કે ત્યારપછી, સામાવાળા–યુનિટે છૂપી રીતે માલ હટાવી લીધો હતો અને તેથી ખુલ્લા બજારમાં ગેરકાયદેસર રીતે માલ ડાયવર્ટ કરીને શરતનો ભંગ કર્યો હતો અને કસ્ટમ્સ ડ્યુટી જતી કરીને મેળવેલ કાચો માલ જે હેતુ માટે આયાત કરવામાં આવ્યો હતો તે હેતુ માટે વાપરવામાં આવ્યો નથી, અને તેથી, માલ જપ્ત કરવાને પાત્ર હતો.

૫.૩ ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૧૨૫ પૂરી પાડે છે કે જ્યારે પણ ધ એક્ટ દ્વારા કોઈપણ માલની જપ્તી અધિકૃત કરવામાં આવે છે, ત્યારે નિર્ણય લેનાર અધિકારી, ધ કસ્ટમ્સ એક્ટ હેઠળ અથવા તત્કાલીન અમલમાં હોય તેવા

અન્ય કોઈપણ કાયદા હેઠળ જેની આયાત અથવા નિકાસ પ્રતિબંધિત છે તેવા કોઈપણ માલના કિસ્સામાં, અને અન્ય કોઈપણ માલના કિસ્સામાં, માલના માલિકને જપ્તીના બદલામાં સદર અધિકારીને યોગ્ય લાગે તેવો દંડ ચૂકવવાનો વિકલ્પ આપશે.

૫.૪ ઉપર અવલોકન કર્યા મુજબ, સામાવાળા–યુનિટ દ્વારા ગેરકાયદેસર રીતે ખુલ્લા બજારમાં માલ ડાયવર્ટ કરવા પર અને કસ્ટમ્સ ડ્યુટી જતી કરીને મેળવેલ કાચો માલ જે હેતુ માટે આયાત કરવામાં આવ્યો હતો તે હેતુ માટે વાપરવામાં આવ્યો ન હોવાથી, કસ્ટમ્સ સત્તામંડળો ગેરકાયદેસર રીતે ડાયવર્ટ કરાયેલા આવા માલને જપ્ત કરવા માટે અધિકૃત હતા. એ નોંધવું જરૂરી છે કે સામાવાળા–યુનિટને અમુક શરતો અને નિયમો પર કસ્ટમ્સ ડ્યુટી ચૂકવ્યા વિના બોન્ડેડ વેરહાઉસમાં માલ જમા કરવાની મંજૂરી આપવામાં આવી હતી અને એક શરત એ હતી કે તૈયાર ઉત્પાદનની નિકાસ કરવી જરૂરી હતી, જેનો અર્થ એ થાય કે જે માલ આયાત કરવાની મંજૂરી આપવામાં આવી હતી અને ત્યારબાદ કસ્ટમ્સ ડ્યુટી ચૂકવ્યા વિના વેરહાઉસમાં જમા કરવામાં આવ્યો હતો, તેને ભારતમાં ખુલ્લા બજારમાં વેચવાની જરૂર ન હતી. આથી, એકવાર આવા માલની જપ્તી અધિકૃત થઈ જાય પછી, ધ કસ્ટમ્સ એક્ટની કલમ ૧૨૫ લાગુ થશે. જોકે, એડજ્યુડિકેશન વખતે માલ જપ્તી માટે ઉપલબ્ધ ન હોવાથી, કારણ કે તે બોન્ડ પર અગાઉથી મુક્ત કરવામાં આવ્યો હતો અને/અથવા બોન્ડ અને બાંહેધરી રજૂ

કરવા પર ડ્યુટી ચૂકવ્યા વિના વેરહાઉસમાં રાખવાની મંજૂરી આપવામાં આવી હતી, જપ્તીના બદલામાં રિડેમ્પ્શન ફાઇન લાદવાપાત્ર હતો.

૫.૫ આ સંજોગોમાં, વેસ્ટન કમ્પોનન્ટ્સ લિમિટેડ [ઉપરોક્ત] ના કેસમાં આપેલી સર્વોચ્ચ અદાલતના નિર્ણય અને શિલ્પા ટ્રેડિંગ કંપની [ઉપરોક્ત] ના કેસમાં કર્ણાટક હાઈકોર્ટના નિર્ણયને ધ્યાનમાં રાખીને, ટ્રિબ્યુનલે એવું ઠરાવવું જોઈતું હતું કે એડજ્યુડિકેટિંગ ઓથોરિટીએ અમુક શરતો અને નિયમો પર; જેમાં કસ્ટમ્સ ડ્યુટીની ચુકવણી કર્યા વિના વેરહાઉસમાં રાખવાની મંજૂરી આપવામાં આવી હતી તેવા ખુલ્લા બજારમાં ગેરકાયદેસર રીતે ડાયવર્ટ કરાયેલા માલની જપ્તીના બદલામાં રિડેમ્પ્શન ફાઇન લાદવો જોઈતો હતો.

૫.૬ હવે, જ્યાં સુધી ફિનેસ ક્રિએશન ઈન્ક. [ઉપરોક્ત] ના કેસમાં આપેલા બોમ્બે હાઈકોર્ટના નિર્ણય અને નેશનલ લેધર ક્લોથ મેન્યુફેક્ચરિંગ કંપની [ઉપરોક્ત] ના કેસમાં સદર હાઈકોર્ટના સુચિત નિર્ણય પર રાખવામાં આવેલા આધારનો સવાલ છે, હકીકતોના આધારે, તે આપણી સમક્ષના કેસની હકીકતોને લાગુ પડશે નહીં, કારણ કે બોમ્બે હાઈકોર્ટ સમક્ષની બાબતોમાં, કોઈ બોન્ડ/કાયદાકીય બાંહેધરી રજૂ કરવામાં આવી ન હતી. સામાવાળા–યુનિટ તરફથી કરવામાં આવેલી એવી રજૂઆત કે જ્યાં સુધી માલ પ્રથમ સીઝ કરવામાં ન આવે ત્યાં સુધી, જપ્તીનો કોઈ પ્રશ્ન નથી અને પરિણામે જપ્તીના બદલામાં રિડેમ્પ્શન ફાઇન લાદવાનો કોઈ પ્રશ્ન નથી, ધ કસ્ટમ્સ એક્ટની કલમ ૧૨૫ માં

વપરાયેલી ભાષાને ધ્યાનમાં લેતા, અમે તેની સાથે સંમત નથી. ઉપર અવલોકન કર્યા મુજબ, ધ એક્ટની કલમ ૧૨૫ એવા કિસ્સામાં લાગુ થશે જ્યાં ધ કસ્ટમ્સ એક્ટ દ્વારા કોઈપણ માલની જપ્તી અધિકૃત હોય. જો એવું જણાય કે ધ કસ્ટમ્સ એક્ટ અને/અથવા એક્સપોર્ટ/ઈમ્પોર્ટ પોલિસીની કોઈપણ જોગવાઈઓનો ભંગ થયો છે, અને/અથવા જે શરતો અને નિયમો પર ડ્યુટીની ચુકવણી વિંના માલ આયાત કરવાની મ જૂરી આપવામાં આવી હતી અને વેરહાઉસમાં જમા કરવાની મંજૂરી આપવામાં આવી હતી તેમાંની કોઈપણ શરતોનો ભંગ થયો છે, તો ત્યારપછી આવા માલની જપ્તી અધિકૃત કહી શકાય, જ્યારે એવું જણાય કે માલ ખુલ્લા બજારમાં ગેરકાયદેસર રીતે ડાયવર્ટ કરવામાં આવ્યો હોવાથી જપ્તી માટે ઉપલબ્ધ નથી, અને જે હેતુ માટે ડ્યુટીની ચુકવણી વિંના માલ આયાત કરવાની મ જૂરી આપવામાં આવી હતી તે હેતુ નિષ્ફળ જાય છે, આવા માલના બદલામાં, રિડેમ્પ્શન ફાઇન લાદવાપાત્ર છે.

૬. ઉપર દર્શાવેલ કારણોસર, માલ જપ્તી માટે ઉપલબ્ધ ન હોવાથી, કારણ કે બોન્ડ અને બાંહેધરી રજૂ કરવા પર ડ્યુટીની ચુકવણી વિના માલ અગાઉથી ડાયવર્ટ/વેરહાઉસમાં રાખવાની મંજૂરી આપવામાં આવી હતી અને ત્યારપછી, સામાવાળા–યુનિટે છૂપી રીતે અને ગેરકાયદેસર રીતે માલ ખુલ્લા બજારમાં ડાયવર્ટ કર્યો હતો, જે માલ અન્યથા જપ્ત કરવાને પાત્ર હતો, જપ્તીના બદલામાં, રિડેમ્પ્શન ફાઇન લાદવાપાત્ર હતો.

૭. ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને અને અગાઉ દર્શાવેલ કારણોસર, હાલની ટેક્સ અપીલ સફળ થાય છે. કસ્ટમ્સ, એક્સાઇઝ અને સર્વિસ ટેક્સ અપીલેટ ટ્રિબ્યુનલ, વેસ્ટ ઝોનલ બેંચ, અમદાવાદ દ્વારા અપીલ નં. E/435/2007–DB માં પસાર કરવામાં આવેલ તારીખ ૧૧ મી ફેબ્રુઆરી ૨૦૧૪ નો વાદગ્રસ્ત હુકમ આથી રદ અને બાતલ કરવામાં આવે છે. ખુલ્લા બજારમાં ગેરકાયદેસર રીતે ડાયવર્ટ કરવામાં આવેલા માલ, જેને ડ્યુટીની ચુકવણી વિના આયાત કરવાની અને વેરહાઉસમાં જમા કરવાની મંજૂરી આપવામાં આવી હતી, તેના સંદર્ભમાં જપ્તીના બદલામાં રિડેમ્પ્શન ફાઇન લાદવા માટે આ બાબત એડજ્યુડિકેટિંગ ઓથોરિટીને રિમાન્ડ કરવામાં આવે છે.

૮. ટેક્સ અપીલ ઉપરોક્ત હદ સુધી મંજૂર કરવામાં આવે છે. કેસની હકીકતો અને સંજોગોમાં, ખર્ચ અંગે કોઈ હુકમ રહેશે નહીં.

{એમ. આર. શાહ, ન્યાયમૂર્તી}

{બી. એન. કારીયા, ન્યાયમૂર્તી}

પ્રકાશ*

Translation of this judgment is provided by M/s Hyperlink E-Solutions Pvt. Ltd.

==

અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.